# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર.૩૧૭/૨૦૨૫૨૬, જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની સુધારા જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરાની કચેરી હસ્તકની "જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ", વર્ગ–૩ સંવર્ગની કુલ–૫૪ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટે તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સંદર્ભે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તરફથી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થતી જગ્યામાં સુધારો થતાં કુલ–૫૪ જગ્યાના સ્થાને હાલ ભરવાની થતી કુલ–૪૦ જગ્યા અંગેના સુધારા માંગણીપત્રક મળેલ છે. જેના અનુસંધાને જા.ક્ર.૩૧૭/૨૦૨૫૨૬, જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ–૩ની સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં ઘટાડો થાય છે.

આથી તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતના પૃષ્ઠ ૧ પરના ક્રમ–**૫** માં દર્શાવેલ કુલ–૫૪ જગ્યાના સ્થાને નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની **કુલ–૪૦** જગ્યાઓ ભરવાની થાય છે. જે સંબંધિત ઉમેદવારોને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ.પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૩૧૨/ ૨૦૨૫૨૬ જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ–૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર | ૪૦ | ૧૯ | ૦૬ | ૦૦ | ૦૦ | ૧૫ | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૪ |

જાહેરાતના પૃષ્ઠ ૨ પરના ક્રમ–**૫.** (૫)માં દર્શાવેલ દિવ્યાંગ અનામત કુલ–૫ જગ્યાના સ્થાને નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગ અનામતની કુલ–૦૨ જગ્યાઓ ભરવાની થાય છે.

| કુલ જગ્યાઓ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ LV(40-70%) | બધિર અને ઓછું સાંભળનાર D, HH | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ ઍટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|
| | A | B | C | D | E |
| ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | |

**LV** (Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing),

જા.ક્ર.૩૧૭/૨૦૨૫૨૬ અન્વયે જગ્યાઓમાં થયેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઈઓ/બાબતો તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૧૪/૦૭/૨૦૨૫

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**